ગુજરાતમાં ઠંડીનો ચમકારો વડોદરા ૧૭ ડિ.સે. સાથે સૌથી ઠંડું

અમરેલીમાં ૧૭.૨, મહુવામાં ૧૭.૩ અને રાજકોટમાં ૧૮.૩ ડિ.સે. લઘુતમ તાપમાન

વહેલી સવારે અને રાત્રે ઠંડી, બપોરે ૩૫ ડિ.સે. સુધી ગરમીથી બેવડી ઋતુનો અનુભવ

૧૯ નવેમ્બર સુધી હવામાન સૂકું રહેવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં શિયાળાની શરૂઆત સાથે ઠંડીનો ચમકારો વધવા લાગ્યો છે. રાજ્યમાં વડોદરા ૧૭.૦ ડિ.સે. લઘુતમ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું છે, જ્યારે અમરેલીમાં ૧૭.૨, મહુવામાં ૧૭.૩ અને કેશોદમાં ૧૮.૧ ડિ.સે. તાપમાન નોંધાતાં વહેલી સવારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યનાં નવ જેટલાં શહેરોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિ.સે. થી નીચે ઊતરી ગયું છે. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ રાજ્યમાં ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ દિશાના સૂકા પવનો ફૂંકાઈ રહ્યા છે. તેના કારણે રાત્રિ અને વહેલી સવારે ઠંડક અનુભવાય છે, જ્યારે બપોરે તડકાના કારણે મહત્તમ તાપમાન ૩૨થી ૩૫ ડિ.સે.ની આસપાસ રહેતાં બેવડી ઋતુનો માહોલ સર્જાયો છે.

રાજ્યમાં લઘુતમ તાપમાનની વાત કરીએ તો વડોદરામાં ૧૭.૦ ડિ.સે., અમરેલીમાં ૧૭.૨ ડિ.સે., મહુવામાં ૧૭.૩ ડિ.સે., રાજકોટમાં ૧૮.૩ ડિ.સે., કેશોદમાં ૧૮.૧ ડિ.સે., ડીસામાં ૧૮.૮ ડિ.સે., ગાંધીનગરમાં ૧૯.૦ ડિ.સે., કંડલા એરપોર્ટ પર ૨૦.૧ ડિ.સે. અને નલિયામાં ૨૦.૨ ડિ.સે. તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૨૦.૦ ડિ.સે., સુરતમાં ૨૦.૦ ડિ.સે., ભાવનગરમાં ૨૦.૯ ડિ.સે., ભૂજમાં ૨૧.૪ ડિ.સે. અને કંડલા પોર્ટ પર ૨૨.૨ ડિ.સે. લઘુતમ તાપમાન રહ્યું હતું.

બીજી તરફ, બપોરના મહત્તમ તાપમાનમાં ભૂજ અને સુરેન્દ્રનગરમાં ૩૫.૮ ડિ.સે., ડીસામાં ૩૫.૬ ડિ.સે., કેશોદમાં ૩૫.૫ ડિ.સે., સુરતમાં ૩૫.૮ ડિ.સે., મહુવામાં ૩૫.૦ ડિ.સે., વડોદરામાં ૩૫.૦ ડિ.સે., અમદાવાદમાં ૩૩.૫ ડિ.સે. અને ગાંધીનગરમાં ૩૩.૨ ડિ.સે. ગરમી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૧૯ નવેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેશે. લઘુતમ તાપમાનમાં પણ મોટા ફેરફારની શક્યતા નથી. અમદાવાદમાં લઘુતમ તાપમાન આશરે ૨૦ ડિ.સે. રહેવાની સંભાવના છે. ત્યારબાદ પવનની ગતિ વધે તો ઠંડીના પ્રમાણમાં વધારો થઈ શકે છે.

સુરત સ્ટેશનથી 20 દિવસમાં 8.59 લાખ લોકોની મુસાફરી

5.66 લાખ જનરલ ટિકિટ વેચાઈ, રેલવેને 12.95 કરોડની કમાણી

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર દિવાળી અને છઠ દરમિયાન ઉત્તર પ્રદેશ અને બિહાર ઉપરાંત દેશભરના વિવિધ રાજ્યોને જતા મુસાફરોની ભારે ભીડ રહી. તહેવારોના 20 દિવસમાં જનરલ ટિકિટ લઈને 8.59 લાખ મુસાફરોએ પ્રવાસ કર્યો. આ દરમિયાન રેલવેએ જનરલ ટિકિટોના વેચાણથી 12.95 કરોડ રૂપિયાની કમાણી કરી છે.

મુસાફરોની વધતી સંખ્યાને જોતા રેલવેએ નિયમિત ટ્રેનો ઉપરાંત ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) હેઠળ 221 સ્પેશિયલ ટ્રેનો સંચાલિત કરી. જ્યારે, આ સમયગાળામાં યુપી-બિહાર તરફ જતી 51 નિયમિત ટ્રેનોનું પણ સંચાલન થયું હતું. 24 ઓક્ટોબરથી 12 નવેમ્બર સુધીના આંકડા બતાવે છે કે તહેવારો દરમિયાન મુસાફરોનું દબાણ સતત રહ્યું હતું.

20 દિવસના પ્રવાસની 7 ખાસ વાતો

» 20 દિવસમાં 5.66 લાખ ટિકિટ વેચાઈ: 24 ઓક્ટોબરથી 12 નવેમ્બર સુધી સુરત સ્ટેશનથી કુલ 5,66,133 જનરલ ટિકિટોનું વેચાણ થયું.

» 8.59 લાખ મુસાફરોએ કર્યો પ્રવાસ: આ ટિકિટો દ્વારા કુલ 8,59,326 મુસાફરોએ મુસાફરી કરી. એટલે કે રોજ સરેરાશ લગભગ 43 હજાર મુસાફરોએ જનરલ ટિકિટ પર પ્રવાસ કર્યો.

» રેલવેને 12.95 કરોડની કમાણી: જનરલ ટિકિટોના વેચાણથી રેલવેને કુલ 12,95,40,229 રૂપિયાની આવક મળી. દરરોજ સરેરાશ લગભગ 64.77 લાખ રૂપિયાની કમાણી થઈ.

» 221 TOD સ્પેશિયલ ટ્રેનો ચલાવી: મુસાફરોની ભીડને જોતા ટ્રેન ઓન ડિમાન્ડ હેઠળ 221 સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું.

તહેવારમાં 15, 16 નવેમ્બરે 8 વન-વે સ્પેશિયલ ટ્રેનો દોડશે

બાંદ્રા ટર્મિનસ, વલસાડ, ઉધના, પ્રતાપનગર અને અમદાવાદથી ગોરખપુર, રાજગીર, સમસ્તીપુર, ગયા, બરૌની, ઝંઝારપુર, રક્સૌલ અને મધુબની જશે ટ્રેનો



સુરતઃ તહેવારની સિઝન દરમિયાન મુસાફરોની વધારાની ભીડને સમાવવા માટે 15 અને 16 નવેમ્બર, 2026ના રોજ બાંદ્રા ટર્મિનસ, વલસાડ, ઉધના, પ્રતાપનગર અને અમદાવાદથી આઠ વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. દરેક ટ્રેન એક દિશામાં એક ફેરો લગાવશે. તમામ ટ્રેનોમાં સ્લીપીંગ કોચ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. તમામ ટ્રેનોનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઇટ પર ખુલ્લું છે. આ તમામ સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર દોડશે.

» ટ્રેન નંબર 09113 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ 04:30 વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે 19:30 વાગ્યે ગોરખપુર પહોંચશે. માર્ગમાં આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, બયાના, ઈદગાહ આગ્રા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ જંક્શન, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09063 વલસાડ-રાજગીર સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ 08:45 વાગ્યે વલસાડથી ઉપડશે અને બીજા દિવસે 22:30 વાગ્યે રાજગીર પહોંચશે. માર્ગમાં આ ટ્રેન નવસારી, ભેસ્તાન, ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના જંક્શન, પટના સાહિબ, બખ્તિયારપુર, બિહાર શરીફ અને નાલંદા સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09067 વલસાડ-સમસ્તીપુર સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ 22:20 વાગ્યે વલસાડથી ઉપડશે અને 17 નવેમ્બર, 2026ના રોજ 10:00 વાગ્યે સમસ્તીપુર પહોંચશે. માર્ગમાં આ ટ્રેન નવસારી, ભેસ્તાન, ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર અને મુઝફ્ફરપુર સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09081 ઉધના-ગયા સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ 19:45 વાગ્યે ઉધનાથી ઉપડશે અને 17 નવેમ્બર, 2026ના રોજ 00:45 વાગ્યે ગયા પહોંચશે. માર્ગમાં આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, સાસારામ, ડેહરી ઓન સોન અને ઈસ્માઈલપુર સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09089 ઉધના-બરૌની સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ 21:45 વાગ્યે ઉધનાથી ઉપડશે અને 17 નવેમ્બર, 2026ના રોજ 07:30 વાગ્યે બરૌની પહોંચશે. માર્ગમાં આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09061 ઉધના-ઝંઝારપુર સ્પેશિયલ 16 નવેમ્બર, 2026ના રોજ 21:45 વાગ્યે ઉધનાથી ઉપડશે અને 18 નવેમ્બર, 2026ના રોજ 10:00 વાગ્યે ઝંઝારપુર પહોંચશે. માર્ગમાં આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને સકરી સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09133 પ્રતાપનગર-રક્સૌલ સ્પેશિયલ 16 નવેમ્બર, 2026ના રોજ 23:50 વાગ્યે પ્રતાપનગરથી ઉપડશે અને 18 નવેમ્બર, 2026ના રોજ 06:30 વાગ્યે રક્સૌલ પહોંચશે. માર્ગમાં આ ટ્રેન વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી જંક્શન, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, બારાબંકી, ગોંડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, કપ્તાનગંજ, સિસવા બજાર, બગહા અને નરકટિયાગંજ સ્ટેશનો પર રોકાશે.

» ટ્રેન નંબર 09431 અમદાવાદ-મધુબની સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ 10:10 વાગ્યે અમદાવાદથી ઉપડશે અને 17 નવેમ્બર, 2026ના રોજ 01:40 વાગ્યે મધુબની પહોંચશે. માર્ગમાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન, સીહોર, સંત હિરદારામ નગર, વિદિશા, બીના, દમોહ, કટની મુડવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને સકરી સ્ટેશનો પર રોકાશે.

ગુજરાતમાં કોંગ્રેસ યુવાનોને ચૂંટણી લડવાની તક આપશે

શિક્ષિત અને સમાજસેવાની ભાવના ધરાવતા યુવાનોને રાજકીય પ્રતિનિધિત્વ આપવાનો સંકેત

અમદાવાદ : ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે અત્યારથી જ રાજકીય તૈયારીઓ તેજ કરી દીધી છે. ગુજરાતમાં માત્ર બદલાવની હવા નહીં, પરંતુ બદલાવનું તોફાન આવશે. કોંગ્રેસ આગામી વિધાનસભા ચૂંટણીમાં શિક્ષિત યુવાનો અને સમાજ માટે કામ કરવાની ભાવના ધરાવતા લોકોને ચૂંટણી લડવાની તક આપશે, તેવું પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું.

અમિત ચાવડાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીની લડાઈમાં જે રીતે યુવાનોએ આગળ આવીને મહત્વની ભૂમિકા ભજવી હતી, તેવી જ રીતે આજની જેન-ઝી પેઢી પણ ગુજરાત સહિત સમગ્ર દેશમાં પરિવર્તન માટેની લડાઈ લડી રહી છે. તેમના મતે યુવાનોએ હવે પરિવર્તનનો નિર્ણય કરી લીધો છે અને આ બદલાવની અસર આગામી ચૂંટણીમાં જોવા મળશે. કોંગ્રેસ હંમેશાં યુવાનોને રાજકારણમાં આગળ લાવવા અને તેમને રાજકીય પ્રતિનિધિત્વ આપવાની તરફેણમાં રહી છે. આગામી ચૂંટણીમાં પણ શિક્ષિત, યુવા અને સમાજસેવાની ભાવના ધરાવતા લોકોને ચૂંટણી લડવાની તક આપવામાં આવશે. ચૂંટણી સમયે વિવિધ સમાજો પોતાના સમાજના પ્રતિનિધિઓને ટિકિટ આપવાની માગણી કરતા હોય છે, પરંતુ લોકશાહીમાં અંતિમ નિર્ણય જનતાનો જ હોય છે. જનતા સર્વોપરી છે અને મતદારોનો નિર્ણય જ સૌથી મહત્વનો રહેશે. ભાજપના આંતરિક વિવાદો ઉકેલવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગુજરાત આવવું પડે છે.

ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'ડિનર ડિપ્લોમસી'

સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે. સીએમ હર્ષ સંઘવી સહિત સમગ્ર મંત્રીમંડળ અને પ્રદેશ ભાજપના ટોચના નેતાઓ સાથે બંધબારણે બેઠક

મંત્રીઓને પેન્ડિંગ ફાઇલો ક્લિયર કરવા તાકીદ

ગાંધીનગર : ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના રાજકીય પડઘમ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગાંધીનગર રોકાણે રાજ્યના રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. ગુજરાતી નૂતન વર્ષના અવસરે ગાંધીનગરમાં વડાપ્રધાનની 'ડિનર ડિપ્લોમસી' માત્ર તહેવારની શુભેચ્છા મુલાકાત બની રહી નહોતી, પરંતુ સરકાર, સંગઠન અને પક્ષના જૂના જોગીઓને એક મંચ પર લાવીને આગામી ચૂંટણી પહેલાંના રાજકીય રોડમેપ અંગે મંથન કરવાની મહત્ત્વપૂર્ણ કવાયત તરીકે જોવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સમગ્ર મંત્રીમંડળ અને પ્રદેશ ભાજપના ટોચના હોદ્દેદારો સાથેની બંધબારણે બેઠકમાં સરકારની કામગીરીનો હિસાબ, મંત્રીઓના વિભાગોની પ્રગતિ, પડતર ફાઈલોનો નિકાલ, આદિવાસી વિસ્તારોમાં જનસંપર્ક અને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારીઓ જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા.

એક તરફ મંત્રીઓને વહીવટી ગતિ વધારવા અને જનતાની ફરિયાદોનો ઝડપી ઉકેલ લાવવા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે, તો બીજી તરફ જૂના અનુભવી નેતાઓ સાથે વડાપ્રધાનના સંવાદને ભાજપની આંતરિક એકતા અને જૂના-નવા નેતૃત્વ વચ્ચે સંકલનના રાજકીય સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે.

ચૂંટણીને હજુ એક વર્ષનો સમય બાકી છે ત્યારે વડાપ્રધાનનું ગુજરાતના સરકાર અને સંગઠનના તમામ મહત્ત્વના ચહેરાઓ સાથેનું આ મંથન મહત્ત્વનું માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ નવેમ્બરની રાત્રે અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. એરપોર્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સહિતના આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાને ભાજપના પૂર્વ સાંસદ હરિન પાઠક, પૂર્વ ધારાસભ્યો ભરત બારોટ, અરવિંદ પટેલ, પ્રદીપ પરમાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ મંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના નેતાઓ સાથે પણ તેમણે સંવાદ કર્યો હતો.

અનુસંધાન... પાના પહેલાનું

ભારત-ચીન સરહદે...

તૈનાત કરવા શક્ય બન્યા છે, અને અમે જે કામ ચાલુ રાખ્યું છે તે આ સંખ્યાને જાળવી રાખશે."

પૂર્વી લદ્દાખ સૈન્ય ગતિરોધને લઈને ચાર વર્ષથી વધુ સમય સુધી ચાલેલા તણાવપૂર્ણ સંબંધો બાદ, ગતિરોધ સમાપ્ત થયા પછી ઓક્ટોબર ૨૦૨૪માં રશિયાના કાઝાન શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી બેઠક બાદ ભારત અને ચીને સંબંધો સુધારવાની શરૂઆત કરી હતી. મોદી અને શી વચ્ચેની વાતચીતમાં વેપાર ખાધ ઘટાડવી, આતંકવાદ જેવા પડકારોનો સામનો કરવો અને બહુપક્ષીય મંચો પર ન્યાયી વેપાર સુનિશ્ચિત કરવા સહિતના અનેક મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા.

ટેકનીકલ મુશ્કેલીઓ...

હતું. જેના પરિણામે સંદેશાવ્યવહાર અને રડારમાં વચ્ચે-વચ્ચે અવરોધો ઊભા થયા હતા અને ચાર કલાકથી વધુ સમય સુધી ફ્લાઇટ્સ બંધ રાખવી પડી હતી. ઇસ્ટર્ન ટાઇમ(ET) મુજબ રાત્રે લગભગ ૮:૧૫ વાગ્યે પ્રતિબંધ હટાવી લેવાયા બાદ મર્યાદિત સંખ્યામાં સ્થાનિક ફ્લાઇટ્સ રવાના થઈ હતી. પરંતુ તેની અસર હજુ દિવસો સુધી વર્તાઈ શકે છે. જો કે, અધિકારીઓનું કહેવું છે કે 'થેંક્સગિવિંગ'ના તહેવાર દરમિયાન થતી મુસાફરીની ભીડને પહોંચી વળવા માટે સિસ્ટમ સમયસર સામાન્ય રીતે કામ કરતી થઈ જશે તેવી શક્યતા છે.જાન્યુઆરી ૨૦૨૩ પછી આ પ્રથમ દેશવ્યાપી 'ગ્રાઉન્ડ સ્ટોપ' હતો, જ્યારે પાઇલટ્સને નોટિસ મોકલતી FAAની અન્ય એક મુખ્ય કોમ્પ્યુટર સિસ્ટમમાં ખામી સર્જાઈ હતી. આ ઉપરાંત, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુમલા પછીની આ બીજી આવી ઘટના છે. સમગ્ર અમેરિકાના એરપોર્ટ પર મુસાફરો ફ્લાઇટ મોડી પડવાની માહિતી દર્શાવતી સ્ક્રીન સામે તાકી રહ્યા હતા અથવા પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે બસ કે ટ્રેન શોધવા દોડી રહ્યા હતા. કેટલાક લોકોએ ગીતો ગાઈને સમય પસાર કર્યો હતો. ફ્લાઇટની અવ્યવસ્થા પર નજર રાખતી વેબસાઇટ 'ફ્લાઇટઅવેર' (FlightAware) અનુસાર, શનિવારે અમેરિકામાં ૨,૫૦૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને સેંકડો ફ્લાઇટ્સ મોડી પડી હતી. અધિકારીઓનું કહેવું છે કે 'ગ્રાઉન્ડ સ્ટોપ' દરમિયાન કોઈ જોખમમાં નહોતું હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી માર્કવેન મુલિને વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે શુક્રવારે ૩,૦૦૦ થી વધુ ફ્લાઇટ્સ સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવી હોવાથી કોઈ પણ વ્યક્તિ જોખમમાં નહોતી. ડફીએ નવી ટેકનોલોજી માટે વધુ ભંડોળ મંજૂર કરવામાં નિષ્ફળ રહેવા બદલ કોંગ્રેસ (સંસદ) ને જવાબદાર ઠેરવી હતી, જ્યારે નવા સુધારાઓ લાગુ કરવાના પ્રયાસને કારણે સિસ્ટમ પર વધુ ભારણ પડ્યું હોવાની હકીકતને હળવાશથી લીધી હતી. તેમણે સંકેત આપ્યો હતો કે હજુ વધુ વિક્ષેપો સર્જાઈ શકે છે.

બાંગ્લાદેશ કેટલીક...

દેશનિકાલમાંથી હસીનાની વાપસી માટે એક વ્યવહારુ માર્ગ તૈયાર કરવા માટે છેલ્લા કેટલાક સમયથી કામ કરી રહ્યું છે. અહેવાલ અનુસાર, આ શરતો અવામી લીગના વડાની સુરક્ષા સુનિશ્ચિત કરશે અને તેમને ન્યાયની ખાતરી આપશે. બાંગ્લાદેશમાં વડાપ્રધાન તારિક રહેમાનની આગેવાની હેઠળની સરકારે ન તો બીબીસી બાંગ્લાના અહેવાલની પુષ્ટિ કરી છે કે ન તો તેના પર કોઈ પ્રતિક્રિયા આપી છે. દરમિયાન, ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે પત્રકારો દ્વારા પૂછવામાં આવતા આ અહેવાલની સત્યતા પર કોઈપણ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. જયસ્વાલે આ પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, "મારે આ અંગે કંઈ કહેવાનું નથી." હસીનાએ ૯ નવેમ્બરના રોજ નવા પાસપોર્ટ અને મુસાફરી દસ્તાવેજો માટે અરજી કરી હતી, જેના દ્વારા દેશનિકાલ બાદ બાંગ્લાદેશ સરકાર સાથે પ્રથમ સત્તાવાર સંપર્ક શરૂ થયો હતો. ઢાકા તરફથી મળેલો પ્રતિસાદ પ્રોત્સાહક ન હતો, કારણ કે કેટલાક નેતાઓએ ભારત તેમનું પ્રત્યાર્પણ કરે તેવો આગ્રહ રાખ્યો હતો. ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારી વીણા સિકરીએ જણાવ્યું હતું કે હસીનાની પાસપોર્ટની વિનંતી પર બાંગ્લાદેશ સરકારનું વલણ "અત્યંત જડ અને અતાર્કિક" છે.

લિંબાયતમાં પગની બીમારીથી કંટાળીને યુવકે આપઘાત કર્યો

સુરતઃ લિંબાયત વિસ્તારમાં આવેલ રૂક્ષ્મણી નગરમાં 48 વર્ષીય સંતોષ નેનસિંગ રાજપુત પરિવાર સાથે રહેતા હતા અને મજૂરી કામ કરતા હતા. શુક્રવારે રાત્રે સંતોષભાઈએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. સંતોષભાઈને છેલ્લા કેટલાક સમયથી પગની દુખાવાની બીમારી હતી. આ બીમારીથી કંટાળીને તેઓએ આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે.

મગદલ્લા બ્રિજ પાસે કાર ચાલકે અડફેટે લેતાં મોપેડ સવારનું મોત

સુરતઃ ઈચ્છાપોર ભાટપોર ખાતે આવેલ રાખલનગર કોલોનીમાં 56 વર્ષીય રાજુભાઈ મંગાભાઈ રાઠોડ નિવૃત જીવન જીવતા હતા. આજે સવારે 6 વાગ્યાના સુમારે રાજુભાઈ મોપેડ લઈને ઘર પાસે મગદલ્લા બ્રિજ પાસે ચા પીવા માટે નીકળ્યા હતા. ચા પીને પરત આવી રહ્યા હતા. ત્યારે કાર ચાલકે તેમની મોપેડને ટક્કર મારતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું

સુરત જિલ્લામાં છેલ્લા છ મહિનામાં વીજચોરીના 2470 કિસ્સા ઝડપાયા

દક્ષિણ ગુજરાત વીજ કંપનીની ઝુંબેશમાં 35,110 વીજ જોડાણનું ચેકિંગ

વીજચોરો પાસેથી રૂ.23.83 કરોડનો દંડ વસૂલાયો, રાંદેર વિસ્તારમાં સૌથી વધુ વીજચોરી પકડાઈ

વિસ્તારવાર વિશેષ ચેકિંગ

વિસ્તાર	તપાસ	વીજચોરી	દંડ
પનોલી સહિતના 4 વિસ્તાર	1,988	65	1 કરોડ
હથોડા સહિતના 3 વિસ્તાર	791	82	1.02 કરોડ
રાંદેર	5,293	120	1.12 કરોડ

સુરતઃ દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા વીજચોરી અટકાવવા માટે હાથ ધરવામાં આવેલી તપાસ અને ખાસ ઝુંબેશમાં સુરત જિલ્લામાં મોટા પ્રમાણમાં વીજચોરીના કિસ્સા સામે આવ્યા છે. છેલ્લા છ મહિનામાં વીજ કંપની દ્વારા કુલ 35,110 વીજ જોડાણની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 2,470 વીજ જોડાણમાં વીજચોરી થતી હોવાનું પકડાયું હતું. વીજચોરી કરતા ગ્રાહકો સામે દંડાત્મક કાર્યવાહી કરીને તેમની પાસેથી કુલ રૂ.23.83 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે.

વીજ કંપની દ્વારા પનોલી, રવીન્દ્રા, કામલી અને ખરોડ વિસ્તારમાં ખાસ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારોમાં કુલ 1,988 વીજ જોડાણોની તપાસ કરવામાં આવી હતી, જેમાં 65 કનેક્શનમાં વીજચોરી પકડાઈ હતી. આ વીજચોરીના કિસ્સાઓમાં સંબંધિત વીજ ગ્રાહકો પાસેથી આશરે રૂ.1 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો. તેવી જ રીતે હથોડા, ભાટકોલ અને કોઠવા વિસ્તારમાં પણ વીજ કંપની દ્વારા વિશેષ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ત્રણ વિસ્તારોમાં કુલ 791 વીજ જોડાણ તપાસવામાં આવ્યાં હતાં, જેમાં 82 વીજ જોડાણમાં ગેરરીતિ અને વીજચોરી પકડાઈ હતી. આ કિસ્સાઓમાં વીજ કંપનીએ રૂ.1.02 કરોડનો દંડ વસૂલ્યો હતો. બીજી તરફ સુરત શહેરના રાંદેર વિસ્તારમાં વીજચોરીના સૌથી વધુ કિસ્સા સામે આવ્યા હતા. અહીં વીજ કંપનીની ટીમોએ કુલ 5,293 વીજ જોડાણોની તપાસ કરી હતી, જેમાંથી 120 વીજ જોડાણમાં વીજચોરી થતી હોવાનું બહાર આવ્યું હતું. આ વીજચોરી બદલ સંબંધિત ગ્રાહકો પાસેથી રૂ.1.12 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો. છેલ્લા છ મહિનાના આંકડા મુજબ 35,110 જોડાણની તપાસ સામે 2,470 જોડાણોમાં વીજચોરી પકડાઈ છે. એટલે કે, તપાસવામાં આવેલાં દર 100 વીજ જોડાણમાંથી સરેરાશ સાત જોડાણોમાં વીજચોરી પકડાઈ હતી. વીજચોરીના કારણે કંપનીને થતું આર્થિક નુકસાન અટકાવવા અને નિયમિત વીજ વપરાશને પ્રોત્સાહન આપવા માટે આગામી સમયમાં પણ આવી ઝુંબેશ ચાલુ રહે તેવી શક્યતા છે.

પાંડેસરામાં ટેમ્પોમાંથી રૂ. 78 હજારના કોપરના તારની ચોરી

સુરતઃપાંડેસરા વિસ્તારમાં આકાશ પૃથ્વી કોમ્પ્લેક્ષના ગેટ પાસે પાર્ક કરવામાં આવેલી આઈસર ટેમ્પાની કેબિન કે બોડીમાંથી આશરે 60 કિલોગ્રામ વજનના કોપર (તાંબા) ના તાર ભરેલી બે પ્લાસ્ટિકની ગુણીઓ કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરીને પલાયન થઈ ગયો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. પાંડેસરા અંબિકા નિકેતન સોસાયટીમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના બનારસ જિલ્લાના વતની અરવીંદ જિલેદાર સિંહે ગઈ તા. 07/11/2026 ના રોજ રાત્રિના સાતેક વાગ્યાના અરસામાં તેમના ટેમ્પા ડ્રાઈવર બબલુ તિલકરામ કનોજીયાએ પાંડેસરા વડોદ આકાશ પૃથ્વી કોમ્પ્લેક્ષના ગેટ પાસે આઈસર ટેમ્પો પાર્ક કર્યો હતો. આ ટેમ્પામાં કોપરના તાર ભરેલી બે પ્લાસ્ટિકની ગુણીઓ મૂકવામાં આવી હતી, જેનું કુલ વજન આશરે 60 કિલોગ્રામ જેટલું હતું. જે ચોરાઈ જતાં તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે 78,000ની ચોરીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

કર્ણાટકમાં હોડી...

જ્યારે તેમની સાથે રહેલા પુત્ર અને પુત્રીનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ અષ્ટગામના વતની અને હાલ અડાજણ વિસ્તારમાં આવેલા ગ્રીન પાર્ક ખાતે રહેતા ધર્મેશભાઈ દેસાઈ વ્યવસાયે આર્કિટેક્ટ હતા. તેઓ પત્ની નિમ્મીબેન, પુત્ર અને પુત્રી સાથે કર્ણાટકના પ્રવાસે ગયા હતા. દરમિયાન શુક્રવારે સાંજે કોડાગુ જિલ્લાના હરંગી બેકવોટર્સમાં તેઓ જે હોડીમાં સવાર હતા તે અચાનક પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ધર્મેશભાઈ અને તેમના પત્ની નિમ્મીબેનનું મોત નીપજ્યું હતું, જ્યારે બંને સંતાનોને બચાવી લેવામાં આવ્યા હતા.

નિમ્મીબેન સુરતની ભૂલકા વિહાર સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. આ દંપતીનું અચાનક અવસાન થતાં તેમના પરિવારજનો, સંબંધીઓ અને પરિચિતોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, સુરતના ગ્રાઉન્ડ ફ્લોર અને બીજા માળના બાંધકામ તેમજ મગનવાડી, કડોદરા ખાતે આવેલા એસી હોલના રિનોવેશનમાં ધર્મેશભાઈનો અમૂલ્ય સહયોગ રહ્યો હતો. તેમના નિધનથી સંસ્થાને પણ મોટી ખોટ પડી છે.

દિવાળીની રજાઓ...

સુરત જિલ્લાના બે લોકોનાં મોત થયાં છે. ઉપરાંત અડાજણના રહેવાસીનુંનું નર્મદા બ્રિજ પર અકસ્માતમાં મોત થયું છે આમ, અત્યાર સુધી સામે આવેલી ચાર અલગ-અલગ દુર્ઘટનાઓમાં કુલ આઠ લોકોનાં જીવ ગયા છે.

ભરૂચ નર્મદા...

વતન કચ્છથી સુરત તરફ પરત ફરી રહ્યા હતા. તા. ૧૩/૧૧/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૦ વાગે તેઓ તેમના મિત્ર હરેશભાઈ ખીમજીભાઈ ચૌધરીની માલિકીની અર્ટિકા ગાડી (GJ-05-RY-3682)માં બેસીને કચ્છથી સુરત આવવા નીકળ્યા હતા. ગાડી હરેશભાઈ ચલાવી રહ્યા હતા અને તેમની બાજુની સીટ પર તેમના ૨૪ વર્ષીય નાનાભાઈ રાજાભાઈ વેળાભાઈ રબારી બેઠાં હતાં, જ્યારે પાછળની સીટ પર લખમણભાઈ અને દાનાભાઈ પરબતભાઈ રબારી બેઠા હતા. શનિવારે મળસ્કે આશરે પોણા પાંચ વાગ્યે ગાડી ભરૂચ નર્મદા બ્રિજ નજીક પહોંચી ત્યારે ડ્રાઈવર હરેશભાઈએ ગાડીને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા તેમનો સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા એક ટ્રકના પાછળના ભાગે અથડાતાં અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં ડ્રાઈવર હરેશભાઈને કપાળના ભાગે અને રાજાભાઈને માથા તથા કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં બંને ઈજાગ્રસ્તોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેઓના નાનાભાઈ રાજાભાઈને મૃત જાહેર કર્યા હતા. ડ્રાઈવર હરેશભાઈને પ્રાથમિક સારવાર આપીને રજા આપવામાં આવી હતી.જે બાબતે ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનમાં અટીકા ગાડીના ડ્રાઈવર હરેશભાઈ ખીમજીભાઈ ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

કીમના બોલાવના...

ટ્રાવેલર ચાલક ધીરજ પાટીલે આપેલી માહિતી મુજબ, વહેલી સવારે આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર તેમનો પ્રવાસ કાળમુખા અકસ્માતનો ભોગ બન્યો હતો. તેમની ટ્રાવેલર આગળ ચાલી રહેલા ટ્રેલરની પાછળ આવી રહી હતી. દરમિયાન ટ્રેલર ચાલકે અચાનક બ્રેક મારતાં ટ્રાવેલર તેની પાછળ ઘૂસી ગઈ હતી. ટ્રેલરની પાછળની લાઇટ ન હોવાના કારણે વાહનચાલકને આગળના વાહનની ગતિ અને અંતરનો યોગ્ય અંદાજ મળી શક્યો ન હોવાનું જણાવાયું છે. પરિણામે બંને વાહનો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસમાત એટલો ભયાનક હતો કે ટ્રાવેલરનો આગળનો ભાગ સંપૂર્ણપણે દબાઈ ગયો હતો અને તેમાં સવાર મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. અકસ્માત બાદ હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં ઉત્તર પ્રદેશ એક્સપ્રેસવેઝ ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ (UPEDA)ની રેસ્ક્યૂ ટીમ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. ત્યારબાદ તમામ ઇજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે આગ્રાની એસ.એન. મેડિકલ કોલેજ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. હોસ્પિટલમાં તબીબોએ તપાસ કરતાં 53 વર્ષીય પ્રદીપ પુત્ર કિશન અને 58 વર્ષીય જનકબેન પત્ની કીરતસિંહને મૃત જાહેર કર્યા હતા.

અયોધ્યામાં દર્શન બાદ તાજમહેલ જોવા જવાનો કાર્યક્રમ હતો

અયોધ્યામાં ભગવાન શ્રીરામનાં દર્શન કર્યા બાદ તાજમહેલ જોવા જઈ રહેલા બોલાવ ગામના શ્રદ્ધાળુઓએ કદાચ કલ્પના પણ નહીં કરી હોય કે તેમનો ધાર્મિક પ્રવાસ આટલો દુઃખદ બની રહેશે. એક તરફ અયોધ્યામાં દર્શન પૂર્ણ થયાનો આનંદ હતો, તો બીજી તરફ તાજમહેલ નિહાળવાની ઉત્સુકતા હતી. પરંતુ એક્સપ્રેસવે પર સર્જાયેલા અકસ્માતે બે પરિવારોના સ્વજનો છીનવી લીધા. ધાર્મિક પ્રવાસે ગયેલા શ્રદ્ધાળુઓ સાથે બનેલી આ કરુણ ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો છે.

11 ઇજાગ્રસ્ત...

ઇજાગ્રસ્તોને આગ્રાની એસ.એન. મેડિકલ કોલેજ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતના સમાચાર પરિવારજનો સુધી પહોંચતાં જ તેમના પરિવારોમાં ચિંતાનો માહોલ છવાયો છે.

મહાદેવ એપ...

આવેલી વિગતોના આધારે દેશનાં છ રાજ્યોમાં કુલ ૩૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન લાઈવ સટ્ટાબાજી અને જુગારની પેનલો મળી આવતાં તેને બંધ કરાવવામાં આવી હતી.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની...

મળશે તો આગામી દિવસોમાં રાત્રિ અને વહેલી સવારના તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. પરિણામે સુરતીઓ માટે શિયાળાની શરૂઆતનો અહેસાસ વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

લાભ પાંચમના...

મુહૂર્તમાં વેપાર શરૂ કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. આ પરંપરાને અનુસરીને આજે શહેરના વિવિધ કાપડ માર્કેટમાં વહેલી સવારથી જ વેપારીઓએ દુકાનોની સાફસફાઈ કરી હતી. ત્યારબાદ ભગવાનની પૂજા, ચોપડા પૂજન અને મીઠાઈ વહેંચીને નવા વેપારી વર્ષની શરૂઆત કરી હતી. કાપડના વેપારીઓ માટે લાભ પાંચમને નવા વેપારી વર્ષની શરૂઆતનું શુભ પ્રતીક માનવામાં આવે છે. દિવાળી પહેલાંના દિવસોમાં થયેલા વેપાર બાદ હવે નવા ઓર્ડર, બહારગામના ગ્રાહકોની ખરીદી અને વેપારી પ્રવૃત્તિઓ ફરી વેગ પકડશે તેવી વેપારીઓને આશા છે. ખાસ કરીને દેશનાં વિવિધ રાજ્યોમાંથી સુરતના કાપડ બજારમાં આવતા વેપારીઓ અને ખરીદદારો સાથેનો વ્યવહાર આગામી દિવસોમાં ફરી ગતિ પકડે તેવી અપેક્ષા છે.કાપડ માર્કેટના વેપારી હરીશ લાલવાણીએ જણાવ્યું હતું કે, દિવાળી અને નવા વર્ષની રજાઓ બાદ લાભ પાંચમથી વેપારીઓએ શુભ મુહૂર્તમાં દુકાનો શરૂ કરી છે. વેપારીઓમાં નવા વર્ષના કામકાજને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે ધીમે ધીમે બજારમાં વેપારી ગતિવિધિઓ વધશે અને નિયમિત કામકાજ શરૂ થશે.

ખરૂ બજાર...

વેપારી વર્ષની શરૂઆત અને સમૃદ્ધિની કામના કરવાનો વિશેષ દિવસ હોવાથી આ દિવસે દુકાનો ખોલી કામકાજ શરૂ કરવાની પરંપરા છે.

બીઓબીના મેનેજરે...

લાખના વન-ટાઈમ સેટલમેન્ટ બાદ તા. 23/12/2021 ના રોજ લોન ખાતું બંધ કરીને 'નો-ડ્યુ સર્ટિફિકેટ' ઇશ્યૂ કરી દેવામાં આવ્યું હતું. એટલું જ નહીં, તા. 06/01/2022 ના રોજ સબ-રજીસ્ટ્રાર કચેરી સુરત-3 (નવાગામ) ખાતે અનુક્રમ નંબર 282 થી મોર્ગેજ મુક્ત કરવાનો રિલીઝ દસ્તાવેજ પણ ફરિયાદી વિશાખાબેનની તરફેણમાં નોંધાવીને તમામ અસલ દસ્તાવેજો પરત સોંપી દેવાયા હતા. કાયદેસર રીતે મિલકત પર બેંકનો કોઈ બોજો રહ્યો ન હતો અને બેંક સેલ સર્ટિફિકેટ આપવા હકદાર ન હતી, તેમ છતાં રિકવરી મેનેજર સંજયકુમાર સિન્હાએ તા. 29/01/2022 ના રોજ પરમાનંદ માલપાનીના નામે ગેરકાયદેસર સેલ સર્ટિફિકેટ બનાવી આપી સત્તાનો દુરુપયોગ કર્યો હતો.

સમગ્ર કૌભાંડમાં દસ્તાવેજી પુરાવાઓમાં મોટો વિરોધાભાસ સામે આવ્યો છે. મેનેજર સંજયકુમાર સિન્હાએ પરમાનંદ માલપાનીને લખી આપેલા સેલ સર્ટિફિકેટમાં એવો ઉલ્લેખ કર્યો છે કે તેમને તા. 20/07/2021 ના રોજ ફ્લેટનો ભૌતિક કબ્જો મળ્યો હતો. જ્યારે બેંકના જ અન્ય દસ્તાવેજો મુજબ બેંકે ખુદ તા. 05/10/2021 ના રોજ મિલકતનો કબ્જો લઈને સીલ માર્યું હતું. આ ઉપરાંત તા. 04/03/2021 ના રોજ અંગ્રેજી અખબાર 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'માં પ્રસિદ્ધ થયેલી મેગા ઈ-ઓક્શન નોટિસમાં પણ આ ફ્લેટનો કોઈ ઉલ્લેખ ન હતો. આમ, જે તારીખે કબ્જો ફરિયાદી પાસે હતો તે તારીખે કબ્જો સોંપાયો હોવાના ખોટા દસ્તાવેજો ઊભા કરી મળતીયાને ફ્લેટ પચાવી પાડવામાં મદદગારી કરાઈ હતી.